સુવિચાર : સંત એ તો માઇલસ્ટોન છે, જે તમને તમારા અને મંઝીલ વચ્ચેનું અંતર બતાવે છે.. ચાલવાનું તો તમારે જ છે - તરૂણ સાગર

**તાપમાન**
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૦ ટકા

આપણું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૧ | ૩૧ જુલાઇ, ૨૦૧૫, શુક્રવાર ; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ડૉ. કલામને આખરી સલામ, મોદી સહિત હજારોની હાજરીમાં અંતિમ સંસ્કાર.
- ગુરદાસપુર હુમલામાં પાકિસ્તાનનો હાથ : રાજનાથસિંહ.
- માઉન્ટ આબુમાં પાંચ દિવસ માટે પ્રવાસન બંધ હજારો મુસાફરો ફસાયા.
- કોંગ્રેસના મહાસિચવે કર્યા સ્મૃતિ ઈરાની પર અંગત અને આકરા પ્રહારો.
- કાશ્મીર સરહદે પાક. ગોળીબારમાં ભારતીય જવાન શહીદ.
- જુહી ચાવલાને રૂપેરી પડદે પચ્ચીસ વર્ષ પૂર્ણ.
- શેરબજારમાં તેજીનો માહોલ યથાવત સેનસેકસ ૨૫૦ ઉછળ્યો.
- ભારતની જેનેરિક દવાઓ ઉપર યુરોપ મહાસંઘના પ્રતિબંધ સાથે બ્રિટન અસહમત.
- મુંબઈના રિયલ્ટી ક્ષેત્રમાં અભૂતપૂર્વ મંદી.
- ખુંખાર ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ભારતમાં હુમલો કરવાની ફિરાકમાં.
- દેશના ઈતિહાસમાં પહેલીવાર સુપ્રીમ કોર્ટ રાત્રિના ૩ વાગ્યા સુધી ખુલ્લી રહી.
- ગુગલે બ્લેક રિબનથી આપી કલામને શ્રધ્ધાંજલિ.
- સંજીવ ચતુર્વેદી 'ગૂંજ'ના અંશુ ગુપ્તાને રેમન મેગ્સેસે એવોર્ડ.
- જમ્મુ કાશ્મીર : અમરનાથ યાત્રાના રસ્તે ગ્રેન્ડ બોમ્બ બ્લાસ્ટ.
- ડૉ. કલામની અંતિમ વિધિમાં નાદુરસ્ત તબિયતના લીધે તામિલનાડુના મુખ્યમંત્રી જયલલીતા હાજર ન રહી શકયા.

# યાકુબ મેમણને આખરે ફાંસી



### નાગપુર સેન્ટ્રલ જેલમાં સવારે ૬.૩૦ વાગે ફાંસી આપી દેવાઈ : ફાંસી આપવાની પ્રક્રિયા સવારે પાંચ વાગે શરૂ થઈ : યાકૂબે મોત પહેલા કોઈ અંતિમ ઈચ્છા વ્યક્ત ન કરી

નાગપુર,તા.૩૦
મુંબઇ બ્લાસ્ટ કેસમાં અપરાધી કુખ્યાત યાકુબ મેમણને આજે સવારે આખરે નાગપુર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપી દેવામાં આવી હતી. યાકુબને સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ ફાંસી આપી દેવામાં આવી હતી. સવારે સાત વાગે તેને મૃત જાહેર કરી દેવામાં આવ્યો હતો. ફાંસી આપવા સાથે સંબંધિત તમામ પ્રક્રિયાની વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવી હતી. યાકૂબને ફાંસી આપવામાં આવી ત્યારે આઠથી ૧૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા. ફાંસી આપતા પહેલા યાકૂબે છેલ્લી નમાઝ અદા કરી હતી. યાકૂબે મોતથી પહેલા કોઇપણ અંતિમ ઈચ્છા જાહેર કરી ન હતી. ફાંસી પહેલા સવારે યાકૂબને નવા વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતા. નિર્ધારિત કાર્યક્રમ

મુજબ નાગપુર સેન્ટ્રલ જેલમાં ફાંસીની પ્રક્રિયા સવારે પાંચ વાગે શરૂ થઈ હતી. નાગપુર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવ્યા બાદ પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મોડેથી પરિવારને તેનો મૃતદેહ સોંપવામાં આવ્યા બાદ મુંબઈ લાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. યાકૂબ મેમણનો મૃતદેહ ફાંસી આપવામાં આવ્યા બાદ તમામ વિધિ પછી પરિવારને સોંપી દેવામાં આવ્યો હતો. એટર્ની જનરલે માહિતી આપતા કહ્યું હતું કે તમામ કાયદાકીય વિધિ ફાંસીમાં અમલી કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### નાગપુર જેલમાં મોડી રાત્રે પરિવારે કેક પણ મોકલાવી

મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના અપરાધી યાકુબ મેમણને આજે સવારે ફાંસી આપી દેવામાં આવી હતી. યાકુબને તેના જન્મદિવસે ફાંસી આપવામાં આવી હતી. યાકુબના પરિવારના સભ્યોએ અડધી રાત બાદ યાકુબ માટે જેલમાં કેક મોકલાવી હતી. જે દિવસે તે ૫૩ વર્ષનો થયો હતો તે દિવસે જ તેને ફાંસી આપી દેવામાં આવી હતી. અહેવાલ મુજબ પરિવારના સભ્યોએ નાગપુર સેન્ટ્રલ જેલના અધિકારીને અડધી રાત બાદ જેલ સુપ્રિન્ટેન્ડેન્ટને બર્થડે કેક સોંપી હતી અને યાકુબને આપવા માટે કહ્યું હતુ.

# હેલીથી જીલ્લાના ૪૮ ગામોમાં નુકસાન

### પાંચ પાકા મકાન પડી ગયા છે તો કાચી-પાકી દિવાલો ઘસી પડવાની ઘટનાઓ વધુ બહાર આવી

ગાંધીનગર, તા. ૩૦
ચાર દિવસની વરસાદી હેલીને કારણે જિલ્લાના ૪૮ ગામોમાં વત્તા ઓછે અંશે નુકશાન થયાનું પ્રાથમિક સર્વેક્ષણમાં જણાયુ છે. આ ઉપરાંત ૧ માનવ મૃત્યુ અને ૭ પશુઓની જાનહાનિ થઈ છે.

જિલ્લાતંત્ર દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં હાલ દહેગામમાં ૨૫, કલોલમાં ૧૭, માણસામાં ૭૩ અને ગાંધીનગર તાલુકામાં ૩૯ મળી ૧૫૪ કાચા-પાકા મકાનોને નુકશાન થયાના પ્રાથમિક અહેવાલો છે.

તાલુકાવાર સ્થિતિ જોઈએ તો ગાંધીનગર તાલુકાના ૧૫ ગામ, માણસાના ૧૪ ગામ, કલોલના ૯ ગામ અને દહેગામના ૧૦ ગામમાં પ્રાથમિક સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે.

નુકશાનીમાં ખાસ કરીને દિવાલો ઘસી પડવાની ઘટનાઓ વધુ બહાર આવી છે. ૬ જેટલા પાકા મકાનો તુટી પડ્યા છે. તો ૬૨ જેટલા મકાનોમાં કાચી પાકી દિવાલો તુટી પડવાની ઘટનાઓ બની છે. ગાંધીનગર અને માણસામાં દિવાલો ઘસી પડવાની ઘટનાઓ વધુ જણાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રણામ ગાંધીનગર...

ગાંધીનગરની પ્રથમ વાચા બનવાનુ સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરનાર 'ગાંધીનગર સમાચાર' નવી સજાવટ સાથે આપના કરકમળોમાં આદરપૂર્વક અર્પણ કરતા ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ.

ગાંધીનગરની પાવન ધરતીમાં ઉગેલુ 'ગાંધીનગર સમાચાર' આજ ધરતી પર ઉછર્યું. ગાંધીનગરે લાડકોડથી 'ગાંધીનગર સમાચાર'ને ઉછેર્યુ. ભૂલો માટે ટકોર પણ કરી અને અસરકારકતાને વ્હાલ પણ કર્યુ. સૌના પ્રેમ અને હૂંફ 'ગાંધીનગર સમાચાર'ની ૨૯ વર્ષની વિકટ સમાચારયાત્રા વિશ્વાસપૂર્વક સંપન્ન કરાવી, એનો રાજીપો વ્યક્ત કરતા સૌને પ્રણામ પાઠવીએ છીએ.

સમયના બદલાતા પડકારોને પહોંચવા 'ગાંધીનગર સમાચાર' નવી સજાવટ સાથે, નવા રૂપરંગ સાથે આપને આંગણે આવ્યું છે. ત્યારે આપ વ્હાલથી વધારશો એવી અભિલાષા છે. બદલાયેલા રૂપરંગમાં સકારાત્મકતાનો મૂળ રંગ જળવાશે જ. મૂલ્યનિષ્ઠ પત્રકારિત્વ એ અમારા રંગોનો રાજા છે. સંવેદનશીલતા અને સર્જનાત્મકતા એ અમારા રંગોનું મૂળભૂત તત્વ છે. ઉજાસનો અણસાર આપવાનું અમને ગમે છે અને ગમશે. શિક્ષણ, સંસ્કાર અને સામાજિક વૃત્તિ-પ્રવૃત્તિઓનો પ્રચાર પ્રસાર માટે 'ગાંધીનગર સમાચાર' સમર્પિત છે. વિકાસ અને કલ્યાણના માર્ગે ચાલતી કે ચલાવાતી યોજનાઓના વાહક બનવા 'ગાંધીનગર સમાચાર' સંકલ્પબદ્ધ છે. સંવેદનશીલ પ્રસંગો અને પાત્રોની પ્રેરક વાતો વહેતી કરવામાં 'ગાંધીનગર સમાચાર' અગ્ર રહેશે.

આજે ગુરૂપૂર્ણિમાના પાવન દિવસથી 'ગાંધીનગર સમાચાર' વાર્ષિક લવાજમ યોજના ગાંધીનગરને ચરણે લોકાર્પિત કરે છે. આપને આંગણે અખબાર વિતરક પરિવારના સભ્ય કે વિસ્તાર વ્યવસ્થાપક ટીમના સભ્ય આવે ત્યારે આપ પ્રોત્સાહક પ્રતિસાદ આપશો એવી અભિલાષા વ્યક્ત કરીએ છીએ. 'ગાંધીનગર સમાચાર'ના વિકાસયાત્રાના પ્રારંભે આપના આશીર્વાદ અનિવાર્ય છે. આપ અંગત રસ લઈ અમારી યોજનાને સમજવાનો પ્રયાસ કરજો.

આપનો પ્રોત્સાહક પ્રતિભાવ સંવેદનશીલ સમાજરચનાની દિશામાં પૂરક અને પ્રેરક બનશે. એવા ભાવ સાથે ગાંધીનગરને પ્રણામ...

- કૃષ્ણકાન્ત જહા

### જિલ્લાના ૧૨ અધિકારીઓ બનાસકાંઠા મુકાયા

ગાંધીનગર, તા. ૩૦
બનાસકાંઠામાં ઉભી થયેલી પરિસ્થિતિમાં જિલ્લાતંત્રને મદદરૂપ થવા માટે પાંચ અધિક કલેક્ટર અને સાત નાયબ કલેક્ટરોની સરકારે નિમણુંક કરી છે. રાજ્ય સરકારે કરેલી નિમણુંકોમાં ગાંધીનગર મનપાના ડે. મ્યુનિ. કમિશનર શ્રી ડી.જે. બારૈયા, મધ્યાહન ભોજન યોજનાના ડે. કલેક્ટર શ્રી સાધુ તેમજ ચીફ મેનેજર સરદાર પટેલ સેવા ટ્રસ્ટના શ્રી સંજય જોશી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી. ચૌહાણનો સમાવેશ થાય છે.

રાજ્યના મહેસુલ વિભાગે આ હૂકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે કર્યા છે.

# કપાસ-શાકભાજીના પાકોમાં રોગચાળાનો ભય

### ચાર દિવસમાં ૧૮ ઈંચ વરસાદ જિલ્લામાં થયો : વાદળછાયુ વાતાવરણ અને ભેજ રોગચાળો ઉભી કરે તેવી સંભાવના

ગાંધીનગર, તા.૩૦
ગાંધીનગર જિલ્લામાં હાલ સતત વાદળછાયા વાતાવરણ અને વરસાદને કારણે પાણી ભરાઈ રહેવાથી તેમજ એકદમ તડકો નિકળવાને કારણે તપાસ અને શાકભાજીના પાકોમાં ખૂણિયા ટપકાં, મુળ આઈ, ચુસિયા જીવાત તથા લીલી ઈયળનો ઉપદ્રવ થવાની સંભાવનાઓ વધતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

શનિવારથી શરૂ થયેલી વરસાદી હેલી પછી ગઈ કાલે બપોરથી આજ બપોર સુધી વરસાદે વિરામ લીધો છે પરંતુ જે વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યું છે તેને લઈ કપાસના પાકમાં ત્રણેક પ્રકારના રોગ તો શાકભાજીના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ થવાની સંભાવનાઓ વધી જવા પામી છે.

જિલ્લામાં હાલ ૪૪ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલું છે અને પાક ઉભો છે. જેમાં ૨૯ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસ તો ૫ હજાર હેક્ટર વિસ્તારમાં શાકભાજીના પાકોનું વાવેતર થયેલ છે.

રોગચાળાની સંભાવનાને લઈ જિલ્લા ખેતીવાડી તંત્રએ ખેડૂતોને અપીલ કરતાં જણાવ્યું છે કે આ માટે

● અનુસંધાન પાન-૭ પર

